**આ (દાખલો) તમારી જાતે (ગણવાનો) પ્રયત્ન કરો.**


ગીતા પાસે તેના પાકિટમાં ૩૬૮ રૂપિયા હતા.
તેણે ૧૨૩ રૂપિયાનું પુસ્તક ખરીદ્યું.
હવે તેના પાકિટમાં કેટલા રૂપિયા રહ્યા ?
તેના પાકિટમાં બાકી રહેલા ₹ ૩૬૮ – ₹ ૧૨૩ = ?







| | | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|---|
| ગીતાના પાકિટમાં રહેલા રૂપિયા | | ૩ | ૬ | ૮ |
| **પુસ્તકની કિંમત** | – | ૧ | ૨ | ૩ |
| | | | | |




ઉપર કઈ સંખ્યા લખવી અને શા માટે લખવી તેની ચર્ચા શિક્ષકે કરવી.

## તમે શરીફાને મદદ કરી શકો?

શરીફાની માતાએ તેને કેટલીક વસ્તુઓ ખરીદવા માટે બજારમાં મોકલી. તેણે તેને ₹ ૨૪૫ આપ્યા. શરીફાએ ₹ ૧૨૭માં ૧ કિગ્રા કપડાં ધોવાનો પાઉડર ખરીદ્યો. દુકાનદારે તેને ₹ ૯૮ પરત કર્યા.

(કિલોગ્રામને કિગ્રા તરીકે દર્શાવાય છે.)




દુકાનદારે તેને બરાબર રૂપિયા પાછા આપ્યા?

**ચાલો શોધીએ.**

| | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|
| શરીફા પાસે રૂપિયા હતા. | ૨ | ૪ | ૫ |
| પાઉડરની કિંમત − | ૧ | ૨ | ૭ |
| | | | |

૧૦૦ ૧૦૦   ૧૦ ૧૦ ૧૦ ૧૦   ૧ ૧ ૧ ૧ ૧


આપણે પાંચ ૧ માંથી સાત ૧ ન લઈ શકીએ તેથી ૧૦ ઉછીના લાવો.


૧૦ એટલે ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧


હવે આપણી પાસે ૧૫ ૧ થયા.

| | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|
| | ૨ | ~~૪~~ ૩ | ૧૫ |
| − | ૧ | ૨ | ૭ |
| | | | |

૧૦૦ ૧૦૦   ૧૦ ~~૧૦~~ ૧૦ ૧૦   ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧







તેથી દુકાનદારે શરીફાને ₹ ૧૧૮ આપવાના હતા.


વેપારીએ શરીફાને કેટલા રૂપિયા વધારે આપવા જોઈતા હતા?

**મહાવરો**

(૧) બાળ કાચબાની ઉંમર ૩૩ વર્ષ છે. તેની માતા (કાચબી)ની ઉંમર ૧૫૦ વર્ષ છે, તો કાચબી કરતાં બાળ કાચબો કેટલો નાનો છે?

કાચબીની ઉંમર ૧૫૦ વર્ષ
બાળ કાચબાની ઉંમર ૩૩ વર્ષ

| | ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|---|
| | ૧ | ~~૫~~ ૪ | ૧૦ |
| − | | ૩ | ૩ |
| | ૧ | ૧ | ૭ |



બાળ કાચબો કાચબી કરતાં ૧૧૭ વર્ષ નાનો છે.

(૨) અરવિંદે વાર્તાના પુસ્તકનાં ૬૯ પાનાં વાંચ્યાં છે. ગૌરીએ તે જ પુસ્તકનાં ૯૫ પાનાં વાંચ્યાં છે, તો કોણે વધારે પાનાં વાંચ્યાં છે? કેટલાં વધારે?





| | ૧૦ | ૧ |
|---|---|---|
| | ૯ | ૫ |
| − | ૬ | ૯ |
| | | |

શિક્ષકે કૂટપ્રશ્નોના ઉકેલ માટે કઈ પ્રક્રિયા કરવાની છે તે નક્કી કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.

(૩) રીનાએ પોતાના ઘરના વિદ્યુતમીટરનું માપ નોંધ્યું. ગયા મહિનાનું મીટર-માપન ૧૧૮ યુનિટ હતું. આ મહિનાનું મીટરનું માપ ૧૯૩ યુનિટ છે, તો એક મહિનામાં તેણે કેટલી વીજળી વાપરી?

આ મહિનાનું માપ ______________

ગયા મહિનાનું માપ ______________




| ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|
| ૧ | ૯ | ૩ |
| ૧ | ૧ | ૮ |
| | | |

તેણે વીજળીના ______________ યુનિટ વાપર્યા.

(૪) ખુશબૂએ ₹ ૧૨૫માં શર્ટ ખરીદ્યું અને ₹ ૧૬૫માં પેન્ટ ખરીદ્યું. તો તેણે કુલ કેટલા રૂપિયા ખર્ચ કર્યો?

₹ ______________ માં શર્ટ ખરીદ્યું.

₹ ______________ માં પેન્ટ ખરીદ્યું.





| ૧૦૦ | ૧૦ | ૧ |
|---|---|---|
| ૧ | ૬ | ૫ |
| ૧ | ૨ | ૫ |
| | | |

તેણે બધા મળીને ₹ ______________ ચૂકવ્યા.

(૫) નીચેના ઉકેલ શોધો :

| | | | | |
|---|---|---|---|---|
| ૧ ૭ | ૧ ૪ | ૩ ૯ | ૧ ૨ | ૮ ૬ |
| − ૩ | + ૩ | − ૧ ૦ | + ૨ ૪ | − ૫ ૮ |
| | | | | |



| | | | |
|---|---|---|---|
| ૧ ૩ ૯ | ૨ ૩ ૭ | ૩ ૨ ૫ | ૪ ૭ ૪ |
| − ૧ ૧ ૦ | + ૨ ૧ ૩ | − ૨ ૦ ૪ | − ૧ ૩ ૬ |
| | | | |

| | | |
|---|---|---|
| ૬ ૪ ૨ | ૪ ૯ | ૧ ૩ ૫ |
| − ૪ ૧ ૩ | + ૨ ૦ | + ૧ ૪ ૬ |
| | | |



(૬) તમારી જાતે તમારા જવાબ ચકાસો :

| | | | |
|---|---|---|---|
| ૨ ૩ ૬ | ૧ ૨ ૨ | ૩ ૪ ૦ | ૩ ૧ ૨ |
| − ૧ ૧ ૪ | + ૧ ૧ ૪ | − ૨ ૮ | + ૨ ૮ |
| ૧ ૨ ૨ | ૨ ૩ ૬ | ૩ ૧ ૨ | ૩ ૪ ૦ |

સરવાળાનો ઉપયોગ કરીને રાશીની બાદબાકી ચકાસો. દરેક સાચા જવાબ માટે એક ✓ કરો :

| | | | |
|---|---|---|---|
| | ૩ | ૮ | ૪ |
| − | ૨ | ૪ | ૩ |
| | ૧ | ૪ | ૧ |

| | | | |
|---|---|---|---|
| | ૧ | ૪ | ૧ |
| + | ૨ | ૪ | ૩ |
| | ૩ | ૮ | ૪ |

✓

| | | | |
|---|---|---|---|
| | ૪ | ૬ | ૮ |
| − | ૧ | ૩ | ૯ |
| | ૨ | ૨ | ૧ |

| | | | |
|---|---|---|---|
| | | | |
| + | | | |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૩ | ૫ | ૬ |
| − | ૨ | ૪ | ૭ |
| | ૧ | ૧ | ૯ |

| | | | |
|---|---|---|---|
| | | | |
| + | | | |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૪ | ૬ | ૮ |
| − | ૨ | ૨ | ૪ |
| | ૨ | ૪ | ૪ |

| | | | |
|---|---|---|---|
| | | | |
| + | | | |
| | | | |

(૭) રંગીન ખાનાંઓમાં ખૂટતા અંક લખો :

| | | |
|---|---|---|
| | ૭ | ૮ |
| − | ૩ | |
| | | ૫ |

| | | | |
|---|---|---|---|
| | ૨ | ૧ | |
| − | ૧ | | ૭ |
| | | ૩ | ૨ |

| | | |
|---|---|---|
| | | ૬ |
| − | ૩ | |
| | ૬ | ૦ |


| | | | |
|---|---|---|---|
| | | ૪ | ૪ |
| − | ૨ | ૩ | ૮ |
| | ૨ | | |




શિક્ષકે વિદ્યાર્થીઓને ચર્ચા કરવા અને ખોટા જવાબોને સુધારવા (સાચા કરવા) માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. બાળકોને ભૂલો સુધારવાનું (અદલા-બદલી કરીને) ગમે છે અને આ પ્રક્રિયામાંથી શીખે છે.

## ચાલો પત્રો વહેંચીએ


ટપાલીકાકા આજે માંદા છે. ચાલો તેમના બદલામાં પત્રો વહેંચીએ.



| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૮૧ | ૪૮૨ | ૪૮૩ | ૪૮૪ | ૪૮૫ | ૪૮૬ | ૪૮૭ | ૪૮૮ | ૪૮૯ | ૪૯૦ |
| ૪૭૧ | ૪૭૨ | ૪૭૩ | ૪૭૪ | ૪૭૫ | ૪૭૬ | ૪૭૭ | ૪૭૮ | ૪૭૯ | ૪૮૦ |
| ૪૬૧ | ૪૬૨ | ૪૬૩ | ૪૬૪ | ૪૬૫ | ૪૬૬ | ૪૬૭ | ૪૬૮ | ૪૬૯ | ૪૭૦ |
| ૪૫૧ | ૪૫૨ | ૪૫૩ | ૪૫૪ | ૪૫૫ | ૪૫૬ | ૪૫૭ | ૪૫૮ | ૪૫૯ | ૪૬૦ |
| ૪૪૧ | ૪૪૨ | ૪૪૩ | ૪૪૪ | ૪૪૫ | ૪૪૬ | ૪૪૭ | ૪૪૮ | ૪૪૯ | ૪૫૦ |
| ૪૩૧ | ૪૩૨ | ૪૩૩ | ૪૩૪ | ૪૩૫ | ૪૩૬ | ૪૩૭ | ૪૩૮ | ૪૩૯ | ૪૪૦ |

પત્ર ઉપર સાચા રૂમ નંબર લખો. પછી ઉપર દર્શાવેલ ઈમારત (ભવન)માં રૂમ શોધો અને તેની ફરતે વર્તુળ દોરો.

રૂમ નંબર ૪૫૫ ઉપર વર્તુળ દોરો.





ઉપરના ચાર્ટનો ઉપયોગ કરીને શિક્ષકે વિદ્યાર્થીઓને કોયડાઓ મૌખિક રીતે ઉકેલવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

**ખૂટતી સંખ્યા શોધો.**

સંખ્યાની પૅટર્ન જુઓ. ખૂટતી સંખ્યા લખો.


(૧) ૧૦૦, ૨૦૦, ૩૦૦, ______, ______, ૬૦૦, ______

(૨)




(૩) ૫૦, ૧૦૦, ૧૫૦, ૨૦૦, ______, ______, ______, ______

(૪)




(૫)






(૬) ૨૮૦, ૨૬૦, ૨૪૦, ______, ______, ______, ______


(૭) ૧૨૫, ૧૫૦, ૧૭૫, ૨૦૦, ______, ૨૫૦ ______, ______

## મૌખિક ગણિત


(૧)









(૨)




(૩)





(૪)



**મહાવરો**



(૧) ઈન્દુની પેન્સિલ ૧૫ સેમી લાંબી છે.
જ્યોતિની પેન્સિલ ૮ સેમી લાંબી છે.
કોની પેન્સિલ વધારે લાંબી છે?
કેટલી વધારે લાંબી છે?




(૨) તમારાં પપ્પા અથવા મમ્મીને પૂછો.
૧ કિલોગ્રામ મીઠાની કિંમત ______
૧ કિલોગ્રામ ખાંડની કિંમત ______
બેમાંથી શું મોંઘું છે?
તેની કિંમત કેટલી વધારે છે?

(૩) અજયે ૨૫ મિનિટમાં રોટલી બનાવી. પછી તેણે ૧૫ મિનિટમાં દાળ બનાવી. બંને વસ્તુ બનાવવા માટે તેણે કેટલો સમય લીધો?



(૪) ચંચળ સ્કૂલ સ્વેટર વેચે છે. બે દિવસમાં તેણે લાલ, વાદળી અને ભૂખરા રંગનાં સ્વેટર વેચ્યાં.

| | લાલ | વાદળી | ભૂખરો |
|---|---|---|---|
| પ્રથમ દિવસે વેચાયેલાં સ્વેટર | ૩૮ | ૬૬ | ૭૪ |
| બીજા દિવસે વેચાયેલાં સ્વેટર | ૪૦ | ૨૩ | ૮૯ |

ઉપરના કોઠા તરફ જુઓ અને નીચેના જવાબ આપો :
(૧) ચંચળે બે દિવસમાં ભૂખરા રંગનાં કેટલાં સ્વેટર વેચ્યાં?
(૨) બે દિવસમાં તેણે વાદળી સ્વેટર કરતાં લાલ સ્વેટર વધારે વેચ્યાં?

(૩) પ્રથમ દિવસે તેણે લાલ અને ભૂખરા રંગનાં કુલ કેટલાં સ્વેટર વેચ્યાં? ૧૨૦થી વધારે કે ૧૨૦થી ઓછાં? સાચા જવાબ માટે (√) કરો.

૧૨૦થી વધારે ☐ ૧૨૦થી ઓછાં ☐

(૪) બીજા દિવસે તેણે કુલ કેટલાં સ્વેટર વેચ્યાં ? ૧૪૦ થી વધારે કે ૧૪૦થી ઓછાં ? સાચા જવાબ સામે (√) કરો.

૧૪૦થી વધારે ☐ ૧૪૦થી ઓછાં ☐

## ૫. સંગીતા સાચી છે?

સંગીતા તેના દાદા સાથે બજારમાં ગઈ.




તેણે કિંમત તરફ જોયું અને તેના દાદાને કહ્યું -

(૧) બિસ્કિટ કરતાં ઘી ૧૦૨ રૂપિયા વધારે મોંઘું છે. ☐

(૨) તેલ અને ઘી બંનેની ભેગી કિંમત ૨૦૦ રૂપિયા કરતાં વધારે છે. ☐

(૩) ઘી અને ૧૦ કિલો ચોખાની કુલ કિંમત ૩૦૦ રૂપિયા કરતાં ઓછી છે. ☐

(૪) તેલની કિંમત બિસ્કિટનાં પડીકાં કરતાં ૪૦ રૂપિયા વધારે છે. ☐

સંગીતા સાચી છે? સાચી હોય તો ખાનામાં (√) કરો અને ખોટી હોય, તો ખાનામાં (×) કરો.

કાગળ અને પેન્સિલનો ઉપયોગ કર્યા સિવાય તમે આ કરી શકશો?

**વાર્તા-પ્રશ્નો :**

નિશા અને સોનુ વાર્તા-પ્રશ્નો બનાવતાં હતાં. નિશાએ કહ્યું વર્ગમાં ૧૩ છોકરા અને ૧૪ છોકરીઓ છે. સોનુ, તું આના પર પ્રશ્ન બનાવી શકે?

**સોનુએ લખ્યું**

| |
|---|
| વર્ગમાં ૧૩ છોકરા અને ૧૪ છોકરીઓ છે |
| તો બધાં મળીને કેટલા વિદ્યાર્થીઓ થાય? |

તમે પણ તમારા મિત્રો સાથે વાર્તા-પ્રશ્નો બનાવી શકો. દરેક ચિત્ર તરફ અને તેના પછીના શબ્દો તરફ જુઓ. તમારો પ્રશ્ન નીચે લખો :

(૧) ૩૬ પુરુષો અને ૫૨ સ્ત્રીઓ તેમના વારા માટે રાહ જુએ છે.




(૨) આપણી પાસે બપોરના ભોજન માટે ૨૦ મિનિટ અને રમત માટે ૧૫ મિનિટ છે.






(૩) પોસ્ટ-ઑફિસ શાહિદના ઘરથી ૧ કિમી દૂર અને તેની શાળાથી ૨ કિમી દૂર આવેલી છે.




(૪) બન્ટીએ ૨૭ પુસ્તકો વાંચ્યાં છે અને બબલીએ ૩૪ પુસ્તકો વાંચ્યાં છે.




**બાદબાકી કરો.**

ડોલીએ ૪ ડઝન (૪૮ નંગ) કેળાં ખરીદ્યાં અને તેના દરેક મિત્રને ૧ કેળું આપ્યું. ૧૩ કેળાં વધ્યાં, તો કેટલા મિત્રોને કેળાં મળ્યાં?

તમે જાણો છો કે ૧૩થી આગળ ગણવાથી આ (ઉત્તર) મેળવી શકાય. ૧૦ના કૂદકાઓથી ગણવાનું વધારે સહેલું થાય. આ પ્રશ્નો હલ કરવા માટે પાન નં. ૨૯ પર આવેલા કિટ્ટુના ઘરનો ઉપયોગ પણ કરી શકો.

૪૮ – ૧૩







૧૦ + ૧૦ + ૧૦ + ૫ = <u>૩૫</u>

તેથી ૪૮ – ૧૩ = ૩૫


(૧) ૫૬ – ૩૭ = [ ? ]




૧૦ + ૧૦ – ૧ = ______


તેથી ૫૬ – ૩૭ = [ ]

(૨) ૬૦ – ૪૫ = ?





૫ + ૧૦ = ______

તેથી ૬૦ – ૪૫ = [ ]




(૩) ૮૦ – ૫૯




______ + ______ + ______ = [ ]

તેથી ૮૦ – ૫૯ = [ ]

(૪) ૮૫ – ૬૩ = [ ]

(૫) ૮૪ – ૬૯ = [ ]

(૬) ૬૦ – ૨૦ = [ ]


(૭) ૯૦ – ૫૦ = [ ]

## રાજાના ઘોડા....

એક રાજા હતો. જે માત્ર ૯ સુધી જ ગણી શકતો હતો. તમે કેટલા નંબર સુધી ગણી શકો છો? રાજાને ઘોડા પ્રિય હતા. પણ તે તેમાંના બધાને કદી પણ ગણી શકતો ન હતો. તે તેમને એવી રીતે રાખતો હતો કે તેને દરેક બાજુએથી માત્ર ૯ સુધી જ ગણવાની જરૂર પડતી.









રાજા પાસે કુલ કેટલા ઘોડા હતા ? ___________

એક દિવસ એક મુલાકાતી ૪ ઘોડા સાથે ત્યાં આવ્યો. અંધારું થતું હતું તેથી તે રાત્રે ત્યાં રહેવા ઈચ્છતો હતો. પરંતુ ઘોડાનો રખેવાળ ગભરાયો. જો રાજા આ વધારાના ઘોડા જોશે તો તે ઘણો ગુસ્સે થશે. મુલાકાતીએ કહ્યું ગભરાશો નહિ. રાજાને કદી ખબર પડશે નહિ. તેથી તેણે નીચે પ્રમાણે ઘોડાઓની ગોઠવણી કરી :

| | | |
|---|---|---|
| ૨ | ૫ | ૨ |
| ૫ | | ૫ |
| ૨ | ૫ | ૨ |


હવે ત્યાં કેટલા ઘોડા છે ? ________




રાત્રે રાજા ઘોડા ગણવા માટે આવ્યો. દરેક બાજુએથી તેણે ૯ ઘોડા ગણ્યા. તેણે કહ્યું, અરે! ખૂબ સુંદર! પછી તે સુખેથી સૂવા માટે ગયો.

સવારમાં હોશિયાર મુલાકાતીએ બીજી યુક્તિ અજમાવી. તેણે પોતાના ચાર ઘોડા લઈ લીધા અને રાજાના કેટલાક વધારે ઘોડા લઈ નાસી છૂટ્યો. તેણે રાજાના ઘોડાઓને આ રીતે ઊભા રાખી દીધા.


મૂર્ખ રાજા કોઈ ખૂટતો ઘોડો શોધી શક્યો નહિ. તમે તેને મદદ કરી શકશો?




હવે કેટલા ઘોડા બાકી રહ્યા? __________

રાજાના ઘોડામાંના કેટલા ઘોડાઓ લઈ ગયો હતો?

*(''ન્યૂમેરસી કાઉન્ટ્સ'' નામના પુસ્તકની તમિલ લોકવાર્તા ઉપરથી)*



## કોયડો

અમે કઈ સંખ્યાઓ છીએ?
તમે અમને બંનેને ઉમેરશો તો તમને ૧૦૦ મળશે.
અમારી વચ્ચેનો તફાવત પણ ૧૦૦ છે.

